અપીલ અરજી નં.૧૧૩ તા.૯–૬–૧૧

ફોન નં. ૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી ચૌહાણ નગીનભાઈ પરાગજી
સામાવાળાઃ– ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)

ફરીયાદની હકીકતઃ–

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી ચૌહાણ નગીનભાઈ પરાગજીની તા.૨૨–૧૧–૧૦ ની અરજીથી મુદ્દા નં.(૧) પશ્ચિમ ઝોનમાં શહેરી વિકાસ ધ્વારા ગેરકાયદે રજીસ્ટરની છેલ્લા બે વર્ષ દરમ્યાનની નોંધ, ફરિયાદની રેકર્ડ ચકાસણી. મુદ્દા નં.(૨) ગેરકાયદે રજીસ્ટરમાં નોંધાયેલા ગેરકાયદે વિકાસની પરવાનગી વગરના માર્જીનની જગ્યામાં થયેલા બાંધકામ,સીઓપીમાં થયેલા બાંધકામ દુર કરવામાં આવ્યા હોય તેની યાદી અને આ ડિમોલીશન કરેલા ગેરકાયદે મકાનો,બાંધકામો ફરીથી બાંધકામ થયા હોય તેની યાદી છેલ્લા બે વર્ષની. વિ. મુદ્દા નં.૧ થી ૫ ની માહિતિ આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની અપીલ તા.૯–૬–૧૧ ની **SMC/FAP/** નં.૧૧૩/૨૦૧૧–૧૨

શ્રી ચૌહાણ નગીનભાઈ પરાગજીની તા.૨૨–૧૧–૧૦ ની અરજીથી મુદ્દા નં.(૧) પશ્ચિમ ઝોનમાં શહેરી વિકાસ ધ્વારા ગેરકાયદે રજીસ્ટરની છેલ્લા બે વર્ષ દરમ્યાનની નોંધ, ફરિયાદની રેકર્ડ ચકાસણી. મુદ્દા નં.(૨) ગેરકાયદે રજીસ્ટરમાં નોંધાયેલા ગેરકાયદે વિકાસની પરવાનગી વગરના માર્જીનની જગ્યામાં થયેલા બાંધકામ,સીઓપીમાં થયેલા બાંધકામ દુર કરવામાં આવ્યા હોય તેની યાદી અને આ ડિમોલીશન કરેલા ગેરકાયદે મકાનો,બાંધકામો ફરીથી બાંધકામ થયા હોય તેની યાદી છેલ્લા બે વર્ષની. વિ. મુદ્દા નં.૧ થી ૫ ની માહિતિ આપવા બાબતે મુદ્દા નં.૧,૨ અને ૫ ની માહિતી મળેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૯–૬–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૩૫૮ તા.૧૫–૬–૧૧ થી ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન) તથા અરજદારને વિલંબિત અપીલ અરજી માટે આરટીઆઈ કાયદાની કલમ ૧૯(૧) હેઠળ વિલંબ માટે વ્યાજબીપણું તથા મુદ્દા નં.૩ અને ૪ ની જાહેર માહિતી અધિકારી તરફથી મળેલ માહિતીની નકલ રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.વેસ્ટઝોન//આરટીઆઈ/આ.નં.૨૪૭ તા.૨૦–૬–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/આ.નં.૫૫૫ તા.૪–૧૨–૧૦ ના પત્રની નકલ, નોંધ વિભાગ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૨૩–૬–૧૧ નો રજૂઆત પત્ર મળેલ છે.

અરજદારની તા.૨૨–૧૧–૧૦ ની અરજીથી ગેરકાયદેસર બાંધકામોના તથા ડેડસ્ટોકના રેકર્ડ ચકાસણી તથા સ્લમ અપગ્રેડેશન સેલ સર્વે તથા ફાળવણીની રેકર્ડ ચકાસણી બાબતે મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી રાંદેરઝોનને કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં. વેસ્ટઝોન/ આરટીઆઈ સેલ/૫૫૫ તા.૪–૧૨–૧૦ થી નિયત સમય અવધિમાં અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ. જેમાં મુદ્દા નં.(૧) પશ્ચિમ ઝોનમાં શહેરી વિકાસ ધ્વારા ગેરકાયદે રજીસ્ટરની છેલ્લા બે વર્ષ દરમ્યાનની નોંધ, ફરિયાદની રેકર્ડ ચકાસણી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પશ્ચિમઝોન કચેરીએ શહેર વિકાસ ધ્વારા ગેરકાયદેસર રજીસ્ટરની છેલ્લા બે વર્ષની નોંધ ફરીયાદની રેકર્ડનું દફતરી ઈન્સ્પેકશન કરવા માટે તા.૨૪–૧૨–૧૦ ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે પશ્ચિમઝોન રાંદેર કચેરીના સેકશન ઓફિસર ટેકનીકલ સમક્ષ હાજર રહેવા વિનંતી છે. ઝોન કચેરીએ ઉપલબ્ધ ઉકત વિગતોનું દફતરી ઈન્સ્પેકશન પ્રથમ અડધા કલાક વિના મૂલ્યે અને ત્યાર બાદ દર અડધા કલાકના રૂા.૨૦/– લેખે મુકરર કરવામાં આવેલ ફી ભરપાઈ કર્યેથી પુરું પાડવામાં આવશે તેવું જણાવેલ. મુદ્દા નં.(૨) ગેરકાયદે રજીસ્ટરમાં નોંધાયેલા ગેરકાયદે વિકાસની પરવાનગી વગરના માર્જીનની જગ્યામાં થયેલા બાંધકામ,સીઓપીમાં થયેલા બાંધકામ દુર કરવામાં આવ્યા હોય તેની યાદી અને આ ડિમોલીશન કરેલા ગેરકાયદે મકાનો,બાંધકામો ફરીથી બાંધકામ થયા હોય તેની યાદી છેલ્લા બે વર્ષની. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી રાંદેરઝોનની કચેરીના રેકર્ડ પર ઉપલબ્ધ ગેરકાયદેસર રજીસ્ટરમાં નોંધાયેલા ગેરકાયદેસર વિકાસની પરવાનગી વગરના, માર્જીનની જગ્યામાં થયેલા બાંધકામ, સીઓપીમાં થયેલા ડીમોલીશન કરેલા ગેરકાયદેસર મકાનો, બાંધકામ ફરીથી બાંધકામ થયેલા હોય તેની છેલ્લા બે વર્ષની યાદીનું દફતરી ઈન્સ્પેકશન કરવા માટે તા.૨૪–૧૨–૧૦ ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે પશ્ચિમઝોન રાંદેર કચેરીના સેકશન ઓફિસર ટેકનીકલ સમક્ષ હાજર રહેવા વિનંતી છે. ઝોન કચેરીએ ઉપલબ્ધ ઉકત વિગતોનું દફતરી ઈન્સ્પેકશન પ્રથમ અડધા કલાક વિના મૂલ્યે અને ત્યાર બાદ દર અડધા

કલાકના રૂા.૨૦/– લેખે મુકરર કરવામાં આવેલ ફી ભરપાઈ કર્યેથી પુરું પાડવામાં આવશે તેવું જણાવેલ. મુદ્દા નં.(૩) સ્લમ અપગ્રેડેશન સેલ ધ્વારા બાયોમેટ્રીક સર્વેની યાદી રાંદેરઝોનના છેલ્લા પાંચ વર્ષ દરમ્યાનની રેકર્ડ ચકાસણી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી રાંદેરઝોન કચેરીએ સ્લમ અપગ્રેડેશન સેલ ધ્વારા બાયોમેટ્રીક સર્વેની રાંદેરઝોનની છેલ્લા પાંચ વર્ષની યાદીનું દફતરી ઈન્સ્પેકશન કરવા માટે તા.૨૪–૧૨–૧૦ ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે પશ્ચિમઝોન રાંદેર કચેરીના સેકશન ઓફિસર ટેકનીકલ સમક્ષ હાજર રહેવા વિનંતી છે. ઝોન કચેરીએ ઉપલબ્ધ ઉકત વિગતોનું દફતરી ઈન્સ્પેકશન પ્રથમ અડધા કલાક વિના મૂલ્યે અને ત્યાર બાદ દર અડધા કલાકના રૂા.૨૦/– લેખે મુકરર કરવામાં આવેલ ફી ભરપાઈ કર્યેથી પુરું પાડવામાં આવશે તેવું જણાવેલ. (૪)સ્લમ અપગ્રેડેશન ધ્વારા બાયોમેટ્રીક સર્વેની યાદી મુજબ કેટલા મકાનો ફાળવવામાં આવ્યા તેના રેકર્ડની ચકાસણી નિયમ મુજબ ફી લઈ છેલ્લા પાંચ વર્ષ દરમ્યાનની. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી રાંદેરઝોન કચેરીએ સ્લમ અપગ્રેડેશન સેલ ધ્વારાબાયોમેટ્રીક સર્વે યાદી મુજબ કેટલા મકાનો ફાળવવામાં આવ્યા તે રેકર્ડનું દફતરી ઈન્સ્પેકશન કરવા માટે તા.૨૪–૧૨–૧૦ ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે પશ્ચિમઝોન રાંદેર કચેરીના સેકશન ઓફિસર ટેકનીકલ સમક્ષ હાજર રહેવા વિનંતી છે. ઝોન કચેરીએ ઉપલબ્ધ ઉકત વિગતોનું દફતરી ઈન્સ્પેકશન પ્રથમ અડધા કલાક વિના મૂલ્યે અને ત્યાર બાદ દર અડધા કલાકના રૂા.૨૦/– લેખે મુકરર કરવામાં આવેલ ફી ભરપાઈ કર્યેથી પુરું પાડવામાં આવશે તેવું જણાવેલ. (૫) છેલ્લા પાંચ વર્ષ દરમ્યાન ડેડસ્કોટમાં નોંધાયેલ ફર્નીચર,કબાટ, ટેબલ કોમ્પ્યુટર ખુરશી વગેરેની રેકર્ડ ચકાસણીની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી રાંદેરઝોનને કરવામાં આવેલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી રાંદેરઝોન કચેરીએ છેલ્લ પાંચ વર્ષ દરમ્યાન ડેડસ્ટોકમાં નોંધાયેલ ફર્નીચર, કબાટ, ટેબલ, કોમ્પ્યુટર, ખુરશી વિગેરે રેકર્ડનું દફતરી ઈન્સ્પેકશન કરવા માટે તા.૨૪–૧૨–૧૦ ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે પશ્ચિમઝોન રાંદેર કચેરીના સેકશન ઓફિસર ટેકનીકલ સમક્ષ હાજર રહેવા વિનંતી છે. ઝોન કચેરીએ ઉપલબ્ધ ઉકત વિગતોનું દફતરી ઈન્સ્પેકશન પ્રથમ અડધા કલાક વિના મૂલ્યે અને ત્યાર બાદ દર અડધા કલાકના રૂા.૨૦/– લેખે મુકરર કરવામાં આવેલ ફી ભરપાઈ કર્યેથી પુરું પાડવામાં આવશે તેવું જણાવેલ. જે અંગે અરજદાર તરફથી કરવામાં આવેલ ઈન્સ્પેકશન બાબતેની જાહેર માહિતી અધિકારીના દફતરી નોંધમાં જણાવેલ વિગતે અરજદાર અરજીમાં માંગેલી વિગતોની રૂબરૂ ચકાસણી માટે ઝોન/ઓફિસે તા.૨૪–૧૨–૧૦ ના રોજ સવારે ૧૧.૪૫ કલાકે હાજર રહયા હતાં તેમની સમક્ષ ચકાસણી માટે ડેડસ્ટોક રજીસ્ટર, બાયોમેટ્રીક સર્વેના રેકર્ડ, રજીસ્ટર તથા અન્ય રજીસ્ટર રજૂ કરવામાં આવ્યા હતાં પરંતુ તેઓએ રજીસ્ટરમાં દર્શાવેલ એન્ટ્રી અનુસાર જે તે વિભાગને ફાળવવામાં આવેલ સ્ટોકની **પ્રત્યક્ષ ચકાસણી** કરી તેના પર નંબરીંગ કરવામાં આવેલ છે કે નહીં? તથા અરજીમાં જણાવ્યા સિવાયની વિગતો જોવાનો આગ્રહ રાખી વધુ ચકાસણી કરવાની રજૂઆત કરી બપોરે ૧૨.૦૦ કલાકે રેકર્ડ ચકાસણી કર્યા વગર ચાલ્યા ગયેલ છે. તેવું જણાવેલ નોંધ કરવામાં આવેલ છે. જે બાબતે અરજદારે દિન–૩૦ માં કોઈ પ્રતિભાવ મળ્યો નથી. તથા મુદ્દા નં.૩ અને ૪ ની માહિતી મળેલ છે. જયારે બાકીના મુદ્દા રેકર્ડ ચકાસણી માટે સમય આપેલ નથી તેવું જણાવી તા.૯–૬–૧૧ ના રોજ વિલંબિત અપીલ અરજી કરેલ છે. જે અંગે અરજદારને વિલંબિત અપીલનું વાજબીપણું રજૂ કરવા અપીલ તબકકે પત્ર પાઠવવામાં આવેલ. જેની પૂરક વિગતોમાં અરજદારે રાંદેરઝોન તરફથી રેકર્ડ ચકાસણી માટે બોલાવવામાં આવેલ હતા. જેમાં મુદ્દા નં.૩ અને ૪ ની રેકર્ડની ચકાસણી બતાવવામાં આવેલ અને મુદ્દા નં.૩ અને ૪ ની માહિતીની ચકાસણી કર્યાનું જણાવેલ છે. પરંતુ મુદ્દા નં.૧,૨ અને ૫ ની માહિતી બાબતે અપીલ કર્યાનું જણાવેલ છે. વધુમાં અરજદારે શહેર વિકાસ વિભાગના ડે.ઈજનેર ની રૂબરૂમાં બે ત્રણ વખત તથા કાર્યપાલક ઈજનેરની રૂબરૂમાં રજૂઆત કર્યાનું જણાવેલ છે. પરંતુ અરજીના વિલંબ બાબતે વાજબીપણું હોય તેવું કારણ જણાવેલ નથી. આરટીઆઈ એકટની કલમ–૧૯(૧) મુજબ કાયદાની જોગવાઈઓ અનુસાર જો દિન–૩૦ માં માહિતી નહીં મળે અથવા તો મળેલી માહિતીની તારીખથી તેની નારાજગી અંગે દિન–૩૦ માં પ્રથમ અપીલ કરવાની રહે છે . અરજદારે ૬ માસના વિલંબિત અપીલ અંગે આરટીઆઈ કાયદાની કલમ–૧૯(૧) હેઠળ વિલંબથી કરેલ છે. તેવી વિલંબિત અપીલ ગ્રાહય રાખવાનું અપીલ અધિકારીની વિવેકબુધ્ધિને આધિન ગુણદોષ પર નિર્ભર છે. તેવી સંતોષકારક ખાત્રી પ્રથમ અપીલ અધિકારીને કરાવવાનું ઉત્તદાયિત્વ અરજદાર પર નિર્ભર રહે છે આથી પ્રથમ દર્શીય રીતે અપીલ ગ્રાહય રાખી શકાય નહીં તેમ છતાં કાયદાના હાર્દ અને ભાવના તથા આમુખથી ચરિતાર્થ થયેલ જોગવાઈને અનુલક્ષી અપીલ ગ્રાહય રાખવામાં આવેલ છે. અરજદારે અપીલના કોલમ નં.૬ માં અપીલનું કારણ દિન–૩૦ મા પ્રતિભાવ મળ્યો નથી તેવું જણાવેલ છે. જે અંગે ખરેખર અરજદારને વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/ આ.નં.૫૫૫ તા.૪–૧૨–૧૦ ની આપેલી માહિતીમાં જણાવેલ ઈન્સ્પેકશન મુજબ અરજદારે ઈન્સ્પેકશન મેળવ્યાનું પૂરક વિગતોમાં તેમજ અપીલના કોલમ નં.૭ માં પણ મુદ્દા નં.૩ અને ૪ ની માહિતી મળેલ છે તેવું જણાવેલ છે. આથી અરજદારને દિન–૩૦ નો પ્રતિભાવ મળ્યો નથી તેવા અપીલમાં કરેલા દાવાને સમર્થન મળતું નથી. વધુમાં જાહેર માહિતી અધિકારીએ કરેલ નોંધ મુજબ ડેડસ્ટોક રજીસ્ટર ચકાસણી માટે રજૂ કરેલ હોવાનું જણાવેલ છે. જે મુદ્દા નં.૫ અંગેની વિગતો બાબતેનું છે. આમ અરજદારે મુદ્દા નં.૩,૪ અને ૫ નું મુળ અરજીમાં ચકાસણીની માંગણી કરેલ છે અને તે મુજબ અરજદારને ચકાસણી પૂરી પાડવામાંઅ ાવેલ હોઈ તે બાબતે તકરારને કોઈ સ્થાન નથી. જેમાં અરજદારે મુળ અરજીથી અલાયદી માંગણીની રજૂઆત પણ જણાવેલ છે. વધુમાં અરજદાર રેકર્ડ ચકાસણી કર્યા વિના ચાલ્યા ગયા હોવાનું પણ જણાવેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૨–૧૧–૧૦ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી અંગે જાહેર માહિતી અધિકારી તરફથી અરજી નિકાલની નિયત સમય અવધિમાં અરજદાર દફતરી તપાસણી પૂરી પાડવા પ્રયત્ન કરેલ છે. પરંતુ તપાસણી તબકકે અરજદારે રજીસ્ટરની વિગત અને સ્ટોક આઈટમની પ્રત્યક્ષ ચકાસણીનો દુરાગ્રહ રાખેલ હોવાની જાહેર માહિતી અધિકારીની કેફીયત ધ્યાને લેતાં અરજદારની આવી માંગણી કાયદાની કલમ–૨(એફ) અને ૨(જે) સાથે સુસંગત ન હોઈ અપીલ ગ્રાહય રાખવા પાત્ર ઠરે નહીં.

તેમ છતાં અરજદાર ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારીએ કરેલ પ્રસ્તાવ અનુસાર ઉપલબ્ધ દફતરની તપાસણી આરટીઆઈ એકટની કલમ–૭(૩) નિયમ–૫ હેઠળ કચેરી કામકાજના સમય દરમ્યાન જાહેર માહિતી અધિકારીનો આગતરો સમય દિન–૭ માં મેળવી લાગુ કિસ્સામાં નિયત ફી ભરપાઈ કરીને તપાસણી મેળવવા સ્વતંત્ર છે. અરજદારની તેવી માંગણી થયેથી તેની હુકમની અમલવારી કરવા ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોનને જણાવવામાં આવેલ છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૭–૧૧

પ્રતિ,
(૧) ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)...જાણ તથા અમલ માટે.
(૨) શ્રી ચૌહાણ નગીનભાઈ પરાગજી,